સિલિકોસિસ પીડિત વ્યક્તિઓ તથા મૃત્યુ પામેલા સિલિકોસિસ પીડિતોના આશ્રિતોને અરજી કરવામાં વધુ સરળતા રહે તે માટે યોજનાઓ અંગેની કામગીરી બાબતે જે-તે તાલુકાના મદદનીશ સરકારી શ્રમ અધિકારીઓને નોડલ અધિકારીશ્રી તરીકે જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર

પરિપત્ર ક્રમાંકઃ LED/LAD/e-file/11/2024/0609/M2

તા. 21 APR 2026

<u>વંચાણે લીધો-</u>

(૧) શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગનો તા.૦૭/૦૧/૨૦૨૬નો ઠરાવ ક્રમાંક: LED/LAD/e-file/11/ 2024/0609/M2

(૨) ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડના તા.૧૦/૦૪/૨૦૨૬ ના પત્ર ક્રમાંક: ગશ્રક/ બોર્ડ/ સિ.કો./૨૦૨૬/૧૨૮૬

<u>પરિપત્ર</u>

આથી તમામ સરકારી શ્રમ અધિકારીશ્રીઓ, મદદનીશ શ્રમ આયુકતશ્રીઓ, નાયબ/મદદનીશ નિયામકશ્રીઓ તેમજ ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારીશ્રીઓને પરિપત્રિત કરી જણાવવામાં આવે છે કે, રાજયમાં અકિક/પથ્થર ઉધોગ/બાંધકામમાં રોકાયેલ શ્રમયોગીઓ ગ્રાઇન્ડીંગ, પોલીશીંગ અને અન્ય કામગીરી કરતાં અસંગઠિત શ્રમયોગીઓ/સ્વાશ્રયી વ્યવસાયિકોને આ કામગીરી દરમિયાન ઉડતી રજકણો શ્વાચ્છોશ્વાસ મારફતે તેમના ફેફસાંમાં પ્રવેશતાં સિલીકો-ટયુબરકયુલોસીસ/સિલીકોસિસની બિમારી લાગુ પડતી હોય તેવા શ્રમયોગી સિલીકોસીસ જેવા ગંભીર રોગના કારણે પીડાતા હોવાના લીધે આવાં શ્રમયોગીઓના સિલીકોસિસથી દુ:ખદ અવસાન થવાના કિસ્સામાં સરકારશ્રી દ્વારા તેમના વારસદારને આર્થિક સહાય આપવાની યોજના સરકારશ્રીના ઉકત વંચાણે લીધા ક્રમાંક(૧)થી ઠરાવ બહાર પાડવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક (૨) થી ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા કરેલ દરખાસ્તને અનુરૂપ <u>માન.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા SCA No.4137/2024 તારીખઃ૩૦/૦૩/૨૦૨૬ના ઓરલ ઓર્ડર અન્વયે,</u> સિલિકોસિસ પીડિત વ્યક્તિઓ તથા મૃત્યુ પામેલા સિલિકોસિસ પીડિતોના આશ્રિતોને અરજી કરવામાં વધુ સરળતા તેમજ સ્પષ્ટતા મળી રહે તેમજ એકજ જ્ગ્યાએ તેઓને લાગુ પડતી ગુજરાત સરકારની અન્ય કલ્યાણકારી યોજનાઓનો લાભ મળી રહે તે હેતુથી બોર્ડની યોજના

તથા ગુજરાત સરકારના અન્ય વિભાગો દ્વારા ચાલતી વિવિધ કલ્યાણકારી યોજનાઓમાંથી તેઓને લાગુ પડતી યોજનાઓ અંગેની કામગીરી બાબતે જે-તે તાલુકાના મદદનીશ સરકારી શ્રમ અધિકારીઓને નોડલ અધિકારીશ્રી તરીકે જાહેર કરવામાં આવે છે. તેમજ આ નોડલ અધિકારીશ્રીઓએ ઉક્ત અરજદારોને તેમને લાગુ પડતી યોજનાઓના ફોર્મ ભરાવવાની તેમજ આ યોજનાઓના લાભ મળે તે સુનિશ્ચિત કરવાની કામગીરી કરવાની રહેશે.

વધુમાં સિલિકોસીસ પીડિત વ્યક્તિઓ તથા મૃત્યુ પામેલા સિલિકોસિસ પીડિતોના આશ્રિતોને આર્થિક સહાય આપવા અંગેની યોજનાનો નોડલ અધિકરીશ્રીઓ દ્વારા જીલ્લા કક્ષાએ બહોળો પ્રચાર થાય તે મુજબ પણ કાર્યવાહી કરવાની રહેશે.

eSD/-

**(દ્રષ્ટિ શાહ)**

**નાયબ સચિવ**

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ**

**સચિવાલય, ગાંધીનગર**

<u>નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે રવાનાઃ</u>

(૧) સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૨) નાયબ સચિવશ્રી(શ્રમ) શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,સચિવાલય,ગાંધીનગરતરફ જાણ સારૂં.

(3) શ્રમ નિયામકશ્રી,શ્રમ નિયામકશ્રીની કચેરી,ગુજરાત રાજ્ય,ગાંધીનગર તરફ જાણ સારૂં.

(૪) સભ્ય સચિવશ્રી, ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર.

(૫) મદદનીશ શ્રમ આયુક્તશ્રી તમામ મારફત ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર.

(૬) સરકારી શ્રમ અધિકારીશ્રી અને નોડલ અધિકારીશ્રી,તમામ મારફત ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર.

(૭) નિયામકશ્રી, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી,શ્રમભવન, ખાનપુર,અમદાવાદ

(૮) મદદનીશ નિયામકશ્રી,ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી,તમામ મારફત ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર.

(૯) સંયુકત નિયામકશ્રી, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી,તમામ મારફત ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ

બોર્ડ, ગાંધીનગર.

(૧૦) શાખા સિલેક્ટ ફાઇલ